# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૧ તા.૨૨-૦૪-૨૦૨૨

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે,શિક્ષણ વિભાગની સૂચના અનુસાર તળાજા તાલુકાની નેસવડ પ્રા. શાળા,જી.ભાવનગરમાંથી વાર્ષિક પરીક્ષાના પ્રશ્નપત્રની ચોરી થઈ છે. જે અંગે પોલીસ ફરિયાદ કરવામાં આવી છે. પોલીસ તપાસ ચાલુ છે. વિદ્યાર્થીઓના વિશાળ હિતમાં તા.૨૨-૦૪-૨૦૨૨(શુક્રવાર) અને તા.૨૩-૦૪-૨૦૨૨ (શનિવાર)ના રોજ લેવાનારી ગુજરાતી માધ્યમની ધોરણ-૭ની પરીક્ષા રદ કરવામાં આવે છે. ધોરણ-૭ માટેના સોમવાર તા.૨૫-૦૪-૨૦૨૨થી અગાઉના સમયપત્રક મુજબ જ પરીક્ષા રાબેતા મુજબ ચાલુ રહેશે.

- ગુજરાતી માધ્યમની શાળા ધોરણ-૭નું વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાન પ્રશ્નપત્રનું બંડલ ખોલે નહીં
- ધોરણ ૬ અને ૮ માં રાબેતા(સમયપત્રક) મુજબ પરીક્ષા ચાલુ જ રાખવી.
- ધોરણ -૭ વિદ્યાર્થીઓ માટે મધ્યાહન ભોજન વ્યવસ્થા યથાવત રાખવી.
- ધોરણ -૭ માટે તારીખ:૨૫-૦૪-૨૦૨૨ થી સમયપત્રક મુજબ પરીક્ષા ચાલુ રાખવી.
- ગુજરાતી માધ્યમમાં ધોરણ -૭ વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાન વિષયની પરીક્ષા માટે નવી તારીખો હવે પછી જાહેર કરવામાં આવશે જે વિદ્યાર્થીઓ અને વાલીઓને જણાવવું.

ગુજરાતી સિવાયના તમામ માધ્યમો માટે ધોરણ-૬, ૭, અને ૮ માટે નિયત સમયપત્રક મુજબ જ પરીક્ષા ચાલુ રાખવી.

તા.૨૨-૦૪-૨૦૨૨ — ડૉ.એલ.ડી.દેસાઇ

સમય સવારે ૭-30 — શાસનાધિકારી